# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 06-10-2024** **Evening : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

**1)** મંત્રીમંડળની બેઠકમાં આવતીકાલથી 15મી ઑક્ટોબર સુધી વિકાસ સપ્તાહની ઉજવણી કરવાનો નિર્ણય લેવાયો.

2) અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે પોતાની નવ પડતર માગણીઓને લઈ કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ સાથે બેઠક યોજી

3) રાજ્ય સહિત દેશભરમાં આવતીકાલથી 11મી ઑક્ટોબર દરમિયાન રાષ્ટ્રીય ડાક સપ્તાહનું આયોજન કરાશે.

4) મુખ્યમંત્રીએ ગોધરામાં કેન્સર હૉસ્પિટલનો પ્રારંભ કરાવતાં પંચમહાલ, દાહોદ અને મહીસાગરના નાગરિકોને ઘરઆંગણે આરોગ્ય સેવાઓ મળશે.

5) આવતીકાલે વિશ્વ કપાસ દિવસ –કપાસના ઉત્પાદનમાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે

6) આજે નવરાત્રીનો ચોથો દિવસ – સ્ટેચ્યૂ ઑફ યુનિટી ખાતે પહેલી વાર ગરબાનું આયોજન

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## REV CABINET MEET

રાજ્યમાં આવતીકાલથી 15મી ઑક્ટોબર દરમિયાન વિકાસ સપ્તાહની ઉજવણી કરાશે. વર્ષ 2001માં સાતમી ઑક્ટોબરે વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યના 14મા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા ત્યારથી અત્યાર સુધી 23 વર્ષની સંકલ્પ સિદ્ધિની ગાથા લોકોમાં ઉજાગર કરવા હવે દર વર્ષે વિકાસ સપ્તાહ ઉજવાશે. આજે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

આ અંગે માહિતી આપતા રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, 'આ સપ્તાહ દરમિયાન ભારત વિકાસ પ્રતિજ્ઞા, યુવા વર્ગની સહભાગિતા અંગે શાળા-કૉલેજમાં નિબંધ સ્પર્ધા સહિતના વિશેષ કાર્યક્રમ યોજાશે. દરમિયાન 3 હજાર 500 કરોડ રૂપિયાના વિવિધ વિકાસકામોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પણ કરાશે.

શ્રી પટેલે ઉમેર્યું કે, 'રાજ્યના 23 જેટલા પ્રતિકાત્મક સ્થળ પર વિકાસ પદયાત્રા દ્વારા રાજ્યના વિકાસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના મહત્વપૂર્ણ યોગદાનથી લોકોને પરિચિત કરાશે. તેમજ 'વિકાસ સપ્તાહ' હેશટેગ સાથે સોશિયલ અને ડિજિટલ મીડિયા પર નાગરિકો નરેન્દ્ર મોદીની સુશાસનની પહેલો અને તેની સમાજ જીવન પર અસરો અંગેના અનુભવો શેર કરી શકશે.

## AINEU MEET

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે પોતાની નવ પડતર માગણીઓને લઈ કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ સાથે યોજી હતી. મંત્રીમંડળની બેઠક યોજાય તે પહેલા મહાસંઘે પોતાના પ્રશ્નો સરકાર સમક્ષ રજૂ કર્યા હતા. મહાસંઘના પ્રચાર મંત્રી રાજેશ ઠાકર જણાવે છે કે, સરકાર જૂની પેન્શન યોજના લાગુ કરે, કેન્દ્રના ધોરણે ભથ્થું પ્રાપ્ત થાય જેવા અનેક મુદ્દા કેબિનેટ મંત્રી સમક્ષ મુકાયા હતા.

(બાઈટ – રાજેશ ઠાકર)

## NATIONAL POSTAL WEEK

રાજ્યમાં આવતીકાલથી 11મી ઑક્ટોબર દરમિયાન રાષ્ટ્રીય ડાક સપ્તાહનું આયોજન કરાશે. આ સપ્તાહ દરમિયાન ડાક સેવાઓની સેવાઓમાં થયેલી નવીનતાની જાગૃતિ વધારવા અને ગ્રાહક આધારનો વિસ્તાર કરવા પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરાશે.

ઉત્તર ગુજરાત ક્ષેત્ર અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે કહ્યું કે, 'આ વર્ષે નાણાકીય સશક્તિકરણ સાથે ખાસ કરીને બાળ સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.' તેમણે ઉમેર્યું કે, 'આ સપ્તાહ દરમિયાન મેલ અને પાર્સલ કસ્ટમર્સ મીટ, ડાકઘર નિર્યાત કેન્દ્ર, આધાર કેમ્પ, નાણાકીય સાક્ષરતા અભિયાન, બચત સેવાઓ, ડાક જીવન વિમા, સુકન્યા સમૃદ્ધિ યોજના અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક ઉત્પાદનો વગેરેને લઈને દરેક જિલ્લામાં નાણાકીય સશક્તિકરણ મેળા અને ડાક ચોપાલનું આયોજન કરાશે. તો નવમી ઑક્ટોબરે 'સંચારને સક્ષમ બનાવવાના અને રાષ્ટ્રોના લોકોને સશક્ત બનાવવાના 150 વર્ષ' ની વિષયવસ્તુ સાથે યુનિવર્સલ પોસ્ટલ યુનિયન 150મી વર્ષગાંઠ મનાવશે.

## PANCHMAHAL CM HOSPITAL INAUGURATION

'વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારત માટે જનઆરોગ્ય સુખાકારી એ અગત્યનું પાસું છે.' પંચમહાલ જિલ્લામાં ગોધરા નજીક ઓરવાડા ખાતે આરોગ્યમ્ કેન્સર અને સુપર સ્પેશિયાલિટી હૉસ્પિટલ અને આયુષ્માન યોજનાનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, 'યોગ અને પર્યાવરણ આધારિત જીવનશૈલી અને શ્રીઅન્ન જેવા સ્વાસ્થ્યવર્ધક અભિયાન દ્વારા પ્રધાનમંત્રીએ નાગરિકોને આરોગ્ય રક્ષાકવચ આપ્યું છે.' શ્રી પટેલે કહ્યું કે, 'રાજયના આદિવાસી બહુલ વિસ્તારોમાં અદ્યતન હૉસ્પિટલો સાથે આરોગ્ય મહાવિદ્યાલયો પણ શરૂ કરાયા છે. ગોધરામાં 150

પથારી ધરાવતી આરોગ્યમ્ હૉસ્પિટલ શરૂ થતાં પંચમહાલ, દાહોદ અને મહીસાગરના નાગરિકોને ઘરઆંગણે અદ્યતન આરોગ્ય સેવાઓ મળી રહેશે.

(બાઇટ-મુખ્યમંત્રી)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એકસ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

## WORLD COTTON DAY

કપાસ ઉત્પાદનમાં ગુજરાત એ સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે. આવતીકાલે સાતમી ઑક્ટોબર એટલે કે વિશ્વ કપાસ દિવસને ધ્યાનમાં રાખી કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું કે, 'ગુજરાત કપાસમાં 26 લાખ 8 હજાર હેક્ટર વાવેતર વિસ્તાર, 92 લાખ ગાંસડી ઉત્પાદન અને 589 કિલો પ્રતિ હેકટરની રૂ ઉત્પાદકતા સાથે સમગ્ર દેશમાં બીજા નંબરે આવે છે. રાજ્યના અર્થતંત્રમાં અર્થતંત્રમાં કપાસની ભૂમિકા મહત્વપૂર્ણ છે. રાજ્યની સ્થાપનાથી લઈ અત્યાર સુધીમાં રાજ્યની કપાસ ઉત્પાદકતામાં 459 કિલો રૂ પ્રતિહેક્ટરનો વધારો થયો છે.

શ્રી પટેલે ઉમેર્યું કે, 'ભારતે વર્ષ 2021માં વિક્રમજનક 10 લાખ 787 મિલિયન ડૉલરની કિંમતના કપાસની નિકાસ કરી હતી. રાજ્ય સરકારની અનેક

યોજનાઓ અને કપાસ સંવર્ધનના પ્રયાસોના પરિણામે આવનારા સમયમાં ગુજરાત સમગ્ર દેશના કપાસ ઉત્પાદનનું કેન્દ્ર બનશે અને દેશના કુલ કપાસ ઉત્પાદનમાં રાજ્યનું યોગદાન સૌથી વધુ રહેશે.

## NAVRATRI 4TH DAY

નવલાં નોરતાંના ચોથા દિવસે આજે માતાજીના કુષ્માંડા સ્વરૂપની પૂજા થાય છે. ત્યારે રાજ્યભરમાં ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

નર્મદા એકતાનગરના આંગણે સરદાર સરોવર ડેમ વ્યૂ પૉઇન્ટ એક ખાતે ગુજરાત પ્રવાસન નિગમ અને સ્ટેચ્યૂ ઑફ યુનિટી એરિયા ડેવલપમેન્ટ એન્ડ ટૂરિઝમ ગવર્નન્સ ઑથોરિટીના સંયુક્ત ઉપક્રમે “રાષ્ટ્રીય એકતા માટે ગરબા”ની વિષયવસ્તુ સાથે બે દિવસના એકતા ગરબા યોજાઈ ગયા. દરમિયાન સ્ટેચ્યૂ ઑફ યુનિટીના કર્મયોગીઓએ એકતાનો સંદેશ આપતા પ્લેકાર્ડ પ્રદર્શિત કર્યા હતા.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણના આટીયાવાડમાં આવેલા  હિંગળાજ માતાજીના મંદિરે નવરાત્રી નિમિત્તે દર્શનાર્થીઓનો ધસારો જોવા મળી રહ્યો છે. દમણનાં અમારા પ્રતિનિધિ પ્રદીપ ભાવસાર જણાવે છે કે, 274 જેટલા પગથિંયા પાર કર્યા પછી માતાજીનાં દર્શન સાથે ડુંગરથી અદભૂત નજારો જોવા મળે છે. ડુંગર પર આવેલા આ મંદિરે દરરોજ મહાપ્રસાદીની પણ વ્યવસ્થા છે.

ભરૂચ જિલ્લાના અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે, અંકલેશ્વર ખોડલધામ સમિતિ દ્વારા ભવ્ય રાસ ગરબા યોજાઈ રહ્યા છે. અહીં શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા ખેલૈયાઓને ઇનામ પણ અપાય છે.

સુરેન્દ્રનગરના સુપ્રસિધ્ધ યાત્રાધામ ચોટીલા ખાતે નવરાત્રી દરમિયાન ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. મંદિર ટ્રસ્ટ દ્વારા પણ ભકતો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંગે વધુ માહિતી આપે છે અમારા પ્રતિનિધિ...

(વોઇસ કાસ્ટ-દીનેશ પરમાર)

## GUJARAT VIDYAPITH – COURSES new

ગૂજરાત વિદ્યાપીઠના ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાનમાં આગામી 18મી ઑક્ટોબરથી નવી બેચ શરૂ થશે. તેમાં ભારતીય ભાષાના અભ્યાસક્રમ માટે 4 હજાર અને વિદેશી ભાષા માટે 7 હજાર રૂપિયા ફી રાખવામાં આવી છે. આ અંગે આ અંગે આકાશવાણી સાથે વાત કરતાં આ સંસ્થાનનાં નિયામક ડો . દિવ્યેશ ભટ્ટે વધુ માહિતી આપી હતી.

(બાઈટ-ડૉ.દિવ્યેશ ભટ્ટ-ભારતીય ભાષા સંસ્કૃતિ સંસ્થાનના નિયામક, ગૂજરાત વિદ્યાપીઠ)

## SABARKANTHA SELF DEFENCE

સાબરકાંઠા જિલ્લાની સરકારી શાળાઓમાં અભ્યાસ કરતી 29 હજાર 600થી વધુ વિદ્યાથિર્નીઓને રાણી લક્ષ્મીબાઈ આત્મરક્ષા પ્રશિક્ષણ કાર્યક્રમ હેઠળ સ્વરક્ષણની તાલીમ અપાશે. હિંમતનગરની ભોલેશ્વર પ્રાથમિક શાળા ખાતે સાંસદ શોભના બારૈયાએ આ પ્રશિક્ષણ કાર્યક્રમનો પ્રારંભ કરાવ્યો હતો. અમારા જિલ્લા પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે ધોરણ 6 થી 12 માં અભ્યાસ વિદ્યાર્થિનીઓ માટે એક સપ્તાહના 3 સત્ર અને એક માસના 12 સત્ર એમ કુલ 3 માસના 36 સત્રની તાલીમનું આયોજન કરાયું છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીના જણાવ્યા અનુસાર વર્તમાન સમયમાં દીકરીઓ સાથે બનતી અઘટિત ઘટનાઓ સામે તેઓને સ્વરક્ષણની તાલીમ અપાશે.